RAN-2409001103040001

# RAN-2409001103040001

## B.R.S. (SD) (Sem. - III) Examination November - 2025

## Panchayatiraj And Rural Development (ID - 103/A)

**Time: 2 Hours ]** **[ Total Marks: 50**

**સૂચના : / Instructions**

(1) ઉપરોક્ત દર્શાવેલ વિગતો ઉત્તરવહી પર અવશ્ય લખવી.
Fill up strictly the above details on your answer book

(2) દરેક પ્રશ્ન ફરજિયાત છે.

(3) જમણી બાજુના અંક પ્રશ્નના પૂરા ગુણ દર્શાવે છે.

Seat No.:

Student's Signature

**પ્ર.1. યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો. (કોઈ પણ 8)** **8**

1. ગ્રામીણ આયોજનના સંદર્ભમાં, કયું આયોજન વ્યાપક અને લાંબા ગાળાની પ્રક્રિયા છે, જેમાં ભવિષ્યના ધ્યેયો અને વ્યૂહરચનાઓ નક્કી કરવામાં આવે છે?
   A. કાર્યાત્મક આયોજન B. વ્યૂહાત્મક આયોજન
   C. માઈક્રો આયોજન D. કેન્દ્રીયકૃત આયોજન
2. મુઘલ શાસન દરમ્યાન સંપૂર્ણ શાસન વિસ્તારના વહીવટીદારને _______ તરીકે ઓળખવામાં આવતો?
   A. સુલતાન B. શિકદાર
   C. સરકાર D. સુબેદાર
3. કેન્દ્રીયકૃત આયોજનમાં વિકાસના નિર્ણયો ક્યાંથી લેવામાં આવે છે?
   A. ગ્રામ સ્તરેથી B. જિલ્લા સ્તરેથી
   C. રાષ્ટ્રીય અથવા રાજ્ય સ્તરેથી D. આપેલ બધાંજ
4. _______ એ ગામના તમામ પુખ્ત વયના મતદારોની બનેલી હોય છે.
   A. આયોજન પંચ B. ગ્રામ પંચાયત
   C. ગ્રામ સભા D. એકપણ નહિં
5. કયું આયોજન ટૂંકા ગાળાની અને વિગતવાર પ્રક્રિયા છે, જે વ્યૂહાત્મક આયોજનના મોટા લક્ષ્યોને હાંસલ કરવા માટે જરૂરી રોજિંદા કાર્યોનું સંચાલન કરે છે?
   A. વ્યૂહાત્મક આયોજન B. કાર્યાત્મક આયોજન
   C. સંકલિત આયોજન D. કેન્દ્રીયકૃત આયોજન
6. ગ્રામીણ આયોજનના કયા ઘટક હેઠળ 'સુજલામ સુફલામ જળ અભિયાન' યોજનાનો સમાવેશ થાય છે?
   A. આર્થિક વિકાસ B. સામાજિક માળખાનો વિકાસ
   C. કુદરતી સંસાધનોનું વ્યવસ્થાપન D. સંસ્થાકીય વ્યવસ્થા
7. _______ એ ગ્રામજનોને વિકાસ પ્રક્રિયામાં સીધી રીતે સામેલ થવાની તક પૂરી પાડે છે.
   A. વિકેન્દ્રીય આયોજન B. કેન્દ્રીય આયોજન
   C. આયોજન D. બધાંજ
8. ભારતમાં 'દુષ્કાળ પ્રભાવિત' અને 'પહાડી વિસ્તાર વિકાસ કાર્યક્રમ' કયા આયોજન અભિગમના ઉદાહરણો છે?
   A. ક્ષેત્રીય અભિગમ B. પ્રાદેશિક વિકાસ અભિગમ
   C. સંકલિત ગ્રામીણ વિકાસ અભિગમ D. કેન્દ્રીયકૃત આયોજન

9. _______ એટલે ગામડાઓનો સમૂહ.

A. દશગણાં B. પરગણાં

C. પગરણાં D. પગરગા

10. ગ્રામીણ વિકાસની યોજનાઓનું અસરકારક અમલીકરણ કરવા અને પારદર્શિતા જાળવવા માટે કયા ઘટકનું મજબૂત હોવું જરૂરી છે?

A. કુદરતી સંસાધનોનું વ્યવસ્થાપન B. આર્થિક વિકાસ

C. માળખાકીય સુવિધાઓ D. સંસ્થાકીય વ્યવસ્થા

**પ્ર.2. ટૂંકમાં જવાબ આપો. (કોઈ પણ બે)** **06**

1. ગ્રામ પંચાયતની સમિતિઓ જણાવો.
2. ગ્રામીણ વિકાસનો અર્થ સમજાવો.
3. વિકેન્દ્રીત ગ્રામીણ આયોજન શા માટે જરૂરી છે?

**પ્ર.3.** વિકેન્દ્રીત ગ્રામીણ આયોજનની પ્રક્રિયા સમજાવો. **12**

**અથવા**

ભારતના સંદર્ભમાં ઈ-ગવર્નન્સનો ખ્યાલ ઉદાહરણ સહિત સમજાવો. **12**

**પ્ર.4.** ગ્રામીણ આયોજન એટલે શું? ગ્રામીણ આયોજનના પ્રકારો સવિસ્તાર સમજાવો. **12**

**અથવા**

ભારતમાં પંચાયતી રાજના ઉદ્ભવ - વિકાસ વિશે સવિસ્તાર લખો. **12**

**પ્ર.5. ટૂંક નોંધ લખો. (કોઈ પણ બે)** **12**

1. ગ્રામીણ આયોજનની મુખ્ય લાક્ષણિકતાઓ
2. ગ્રામસભાનું મહત્વ
3. ગાંધીજીનાં પંચાયતી રાજ અંગેના વિચારો